# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર. ૨૨૮ થી ૨૩૨/૨૦૨૩૨૪ – અન્વયેની અગત્યની જાહેરાત

મંડળ દ્વારા તા.૧૬/૦૩/૨૦૨૪ ની જા.ક્ર. ૨૨૮ થી ૨૩૨/૨૦૨૩૨૪ – થી ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ખાતાના વડા સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી હસ્તકના આસીસ્ટન્ટ બાઈન્ડર, આસીસ્ટન્ટ મશીનમેન, કોપી હોલ્ડર, પ્રોસેસ આસીસ્ટન્ટ અને ડેસ્કટોપ પબ્લીસીંગ ઓપરેટર સંવર્ગોની જગ્યાઓની સીધી ભરતીથી ભરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો મંગાવવાની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત જાહેરાત સંબંધે થયેલ નિર્ણય અનુસાર ઉક્ત સંવર્ગોની ભરતીમાં BA/BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ના ઠરાવ થી નિયત થયેલ નીચે મુજબની શરતોને આધીન ઉમેદવારી કરી શકશે.

(૧) બંને હાથ (BA) અને બંને પગ (BL) પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કોઈ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યક્તિની જેમ હલન–ચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવી જોઈશે.

(૨) આવા ઉમેદવાર પરીક્ષામાં ઉત્તિર્ણ થાય ત્યારબાદ જે તે સંવર્ગની ફરજોના સંદર્ભમાં આવા ઉમેદવાર માટે મેડીકલ બોર્ડનો અભિપ્રાય સંબંધિત ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા મેળવવામાં આવશે. આ અભિપ્રાયના આધારે ઉમેદવાર જે તે સંવર્ગમાં નિમણૂંક માટે લાયક કે ગેરલાયક છે તે ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવશે.

**નોંધઃ–** આ ભરતી પ્રક્રિયા અંતર્ગત કોઈ BA/BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારે સામાન્ય કેટેગરીમાં કે અન્ય પ્રકારની દિવ્યાંગતાની કેટેગરી હેઠળ અરજી કરેલ હશે તો પણ તેઓની અરજી માન્ય ગણવામાં આવશે.

પ્રસ્તુત જાહેરાત અન્વયે અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૪/૨૦૨૪ છે જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

**સ્થળઃ ગાંધીનગર**
**તારીખઃ ૨૫/૦૪/૨૦૨૪**

**હસમુખ પટેલ**
**સચિવ**